ગુજરાતમિત્ર

આસપાસ ચોપાસ

મંગળવાર ૨૬ મે, ૨૦૨૬

બ્રિટિશ શાસનકાળ દરમિયાન આ વિસ્તાર ‘ખેરવા’ તરીકે ઓળખાતો હતો, પાકા રસ્તા, વીજળી અને પાણી જેવી પાયાની તમામ સગવડો ધરાવતા આ ગામમાં સાક્ષરતાનો દર માત્ર અંદાજે ૬૫.૪ ટકા

આસપાસનાં પ્રદેશની સિધ્ધિ અને સમસ્યાની વાત...!




**કીમ સ્ટેટ હાઈવેથી અંદાજે ૩ કિલોમીટરના અંતરે આવેલું ઓલપાડ તાલુકાનું ગામ**

# કન્યાસી

સુરત જિલ્લાના ઓલપાડ તાલુકાની સરહદે અને કીમ સ્ટેટ હાઈવેથી અંદાજે ૩ કિલોમીટરના અંતરે આવેલું કન્યાસી ગામ આજે આસપાસના વિસ્તારમાં પોતાની એક અનોખી ઓળખ ધરાવે છે. પરંતુ બહુ ઓછા લોકો જાણે છે કે આ ગામના વર્તમાન નામ પાછળ એક રસપ્રદ અને સંઘર્ષપૂર્ણ ઇતિહાસ છુપાયેલો છે. ગામના વડીલોના જણાવ્યા અનુસાર, બ્રિટિશ શાસનકાળ દરમિયાન આ વિસ્તાર ‘ખેરવા’ તરીકે ઓળખાતો હતો. મુખ્ય રસ્તાની નજીક હોવાને કારણે અંગ્રેજ સૈનિકો સ્થાનિક પરિવારોને સતત હેરાન-પરેશાન કરતા હતા. આ ત્રાસથી કંટાળીને લોકોએ ત્યાંથી સ્થળાંતર કર્યું અને ‘પીપરડી’ નામે નવું ગામ વસાવ્યું. જો કે, પીપરડીમાં પણ વાતાવરણ અનુકૂળ ન આવ્યું અને ભૂતોના વસવાટની લોકવાયકાઓને કારણે લોકો ત્યાં લાંબો સમય ટકી શક્યા નહીં. અંતે, વસવાટ માટે યોગ્ય જગ્યા શોધવાની મથામણમાં “કા નાહીં... કા નાહીં...” કરતા કરતા લોકો જ્યાં સ્થિર થયા, તે ગામ સમયાંતરે ‘કન્યાસી’ તરીકે ઓળખાયું. આજે ખેરવા કે પીપરડીનું કોઈ અસ્તિત્વ રહ્યું નથી. સામાજિક માળખાની વાત કરીએ તો, વૈવિધ્યસભર અને સૌહાર્દપૂર્ણ વાતાવરણ ધરાવતા કન્યાસી ગામમાં કુલ ૮ વોર્ડ આવેલા છે, જેમાં ગુરુનગર પટેલ ફળિયું, હળપતિવાસ, હરિજનવાસ અને મુસ્લિમ ફળિયાનો સમાવેશ થાય છે. ગામમાં મુખ્યત્વે હિંદુ અને મુસ્લિમ સમાજના લોકો વસુધૈવ કુટુંબકમની ભાવના સાથે હળીમળીને રહે છે. વર્ષ-૨૦૧૧ની વસતી ગણતરી મુજબ ગામની વસતી ૧૩૮૭ હતી, જે હાલ વધીને અંદાજે ૧૪૦૦ જેટલી થઈ હોવાનું અનુમાન છે. આધુનિક સમયમાં ભૌતિક સુવિધાઓથી સંપન્ન હોવા છતાં, કન્યાસી ગામમાં શિક્ષણનું સ્તર અત્યંત ચિંતાજનક સપાટીએ પહોંચ્યું છે. પાકા રસ્તા, વીજળી અને પાણી જેવી પાયાની તમામ સગવડો ધરાવતા આ ગામમાં સાક્ષરતાનો દર માત્ર અંદાજે ૬૫.૪ ટકા જ નોંધાયો છે, જે વિકાસના દાવાઓ સામે મોટા સવાલો ઊભા કરે છે. ગામના આંકડાઓ પર નજર કરીએ તો પરિસ્થિતિ વધુ ગંભીર જણાય છે. અહીં પુરુષ સાક્ષરતા દર ૪૫.૧૬ ટકા છે, જ્યારે સ્ત્રી સાક્ષરતા દર માત્ર ૩૧ ટકા આસપાસ જ અટકી ગયો છે. જો કે, કુલ સાક્ષરતામાં મહિલાઓનો હિસ્સો ૪૮.૮ ટકા જેટલો થાય છે, પરંતુ એકંદરે સ્ત્રી શિક્ષણની સ્થિતિ હજુ પણ ઘણી દયનીય છે. સ્થાનિક બુદ્ધિજીવીઓના મતે, ભૌતિક સમૃદ્ધિ વચ્ચે પણ શિક્ષણ પ્રત્યેની આવી ઉદાસીનતા એક ઘેરા ચિંતનનો વિષય છે. ગ્રામજનોમાં જાગૃતિનો અભાવ અને કન્યા કેળવણી પ્રત્યેની ઉપેક્ષા આ પાછળનાં મુખ્ય કારણો હોઈ શકે છે. ગામના ઉજ્જવળ ભવિષ્ય માટે હવે વહીવટી તંત્ર અને સ્થાનીક અગ્રણીઓએ સાથે મળીને શિક્ષણના સ્તરને સુધારવા માટે તાકીદે પ્રયાસો કરવા પડશે. જો કે, કન્યાસી ગામની ભૌગોલિક સ્થિતિ ખૂબ જ વ્યૂહાત્મક છે. ગામની આસપાસ કીમ, ઓલપાડ અને કામરેજ જેવા મોટા અને વિકસિત ટાઉન વિસ્તારો આવેલા છે. આસપાસનાં આ શહેરી કેન્દ્રોને કારણે ગામના યુવાનો માટે ઉચ્ચ શિક્ષણ અને રોજગારની ઉત્કૃષ્ટ તકો ઉપલબ્ધ છે. જો ગ્રામ પંચાયત અને સ્થાનિક આગેવાનો દ્વારા શિક્ષણ અંગે લાંબા ગાળાનું સચોટ આયોજન કરવામાં આવે, તો આગામી સમયમાં કન્યાસી ગામ સાક્ષરતાના ક્ષેત્રે મોટો વળાંક લાવી આધુનિકતા તરફ મક્કમ પગલાં માંડી શકે તેમ છે.






## પૌરાણિક મંદિરોનું આગવું મહત્વ

વર્તમાન સમયમાં જ્યાં નાત-જાતના ભેદભાવ જોવા મળે છે, ત્યાં બીજી તરફ ગુજરાતનું કન્યાસી ગામ એકતા અને કોમી સૌહાર્દનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડી રહ્યું છે. આ નાનકડા ગામમાં વિવિધ ધર્મના લોકો વર્ષોથી પરસ્પર પ્રેમ અને ભાઈચારા સાથે વસવાટ કરે છે. ગામમાં અનેક પવિત્ર ધાર્મિક સ્થળો આવેલાં છે, જેમાં ભવ્ય અને અત્યંત પૌરાણિક એવું શ્રી કાશી વિશ્વનાથ મહાદેવ મંદિર, શ્રી હરસિદ્ધિ માતાજી મંદિર, શ્રી વેરાઈ માતાજી મંદિર તેમજ એક પવિત્ર મસ્જિદનો સમાવેશ થાય છે. આ તમામ ધાર્મિક સ્થળો ગામની અતૂટ એકતાના પ્રતીક સમાન છે. ખાસ કરીને ગ્રામજનોમાં પૌરાણિક મહાદેવ મંદિર પ્રત્યે અગાધ શ્રદ્ધા વણાયેલી છે. અહીં હિન્દુ-મુસ્લિમ તમામ સમુદાયના લોકો કોઈપણ પ્રકારના ભેદભાવ વિના એકબીજાના તહેવારોમાં ઉત્સાહભેર ભાગ લે છે અને સાથે મળીને ઉજવણી કરે છે. કન્યાસી ગામની આ ગંગા-જમુની તહેઝીબ અને સર્વધર્મ સમભાવની ભાવના આજે આજુબાજુના સમગ્ર પંથક માટે પ્રેરણારૂપ બની રહી છે.





## ખેતી અને પશુપાલન મુખ્ય વ્યવસાય

કન્યાસી ગામના લોકોનો મુખ્ય વ્યવસાય ખેતી છે અને તેઓ આધુનિક પદ્ધતિઓ અપનાવીને સમૃદ્ધિ તરફ આગળ વધી રહ્યા છે. આ ગામના ખેડૂતો માત્ર ખેતી પર નિર્ભર ન રહેતાં પશુપાલન દ્વારા પણ પૂરક આવક મેળવી રહ્યા છે, જેનાથી તેમનું જીવનધોરણ સુધર્યું છે. આસપાસના વિસ્તારમાં સિંચાઈની ઉત્તમ સુવિધા હોવાને કારણે અહીં બારેમાસ પાક લેવામાં આવે છે, જેમાં મુખ્યત્વે શેરડી અને વિવિધ શાકભાજીનું મોટા પાયે ઉત્પાદન થાય છે. ખેતી અને પશુપાલન માટે જરૂરી તમામ ભૌતિક સુવિધાઓ સ્થાનિક સ્તરે ઉપલબ્ધ હોવાથી ખેડૂતોની આવકમાં નોંધપાત્ર વધારો નોંધાયો છે અને ગામ આર્થિક રીતે સક્ષમ બન્યું છે. જો કે, આ આર્થિક વિકાસની સાથે ખેડૂતો સામે કેટલાક નવા પડકારો પણ ઊભા થયા છે. વર્તમાન સમયમાં વધતી જતી મોંઘવારીના કારણે ખેતીનાં સાધનો, ખાતર, બિયારણ અને ખાસ કરીને મજૂરીના દરોમાં ધરખમ વધારો થયો છે. આ સતત વધી રહેલા ઉત્પાદન ખર્ચ અને મજૂરીના ખર્ચને નિયંત્રિત કરવો અહીંના સ્થાનિક ખેડૂતો માટે ખૂબ જ મુશ્કેલ અને પડકારરૂપ સાબિત થઈ રહ્યો છે. મોંઘવારીના આ ચિંતાજનક આર્થિક બોજ વચ્ચે પણ કન્યાસી ગામના મહેનતુ ખેડૂતો નવી ટેક્નોલોજી અને પશુપાલનના સમન્વય થકી પોતાના કૃષિ વ્યવસાયને ટકાવી રાખવા અને તેને વધુ નફાકારક બનાવવા માટે સતત સંઘર્ષ કરી રહ્યા છે, જે અન્ય ગ્રામ્ય વિસ્તારો માટે પણ પ્રેરણારૂપ છે.



## કન્યાસીના સ્વાતંત્ર્ય સેનાની દંપતીની અમર કહાની

કન્યાસી ગામના વયોવૃદ્ધ સ્વાતંત્ર્યસેનાની ત્રિકમભાઈ જગાભાઈ પટેલનું ૯૯ વર્ષની જૈફ વયે ૨૦૧૮માં અને તેમનાં પત્ની સ્વ.ગુલાબબેનનું ૯૮ વર્ષની વયે ૨૦૨૨માં અવસાન થયું હતું. ત્રિકમભાઈએ દેશની આઝાદીની ચળવળમાં સક્રિય ભાગ લીધો હતો. તેમણે ઐતિહાસિક હરિપુરા સંમેલન વખતે બેનર્સ અને ભીંતસૂત્રો લખવામાં તેમજ ગામેગામ ફરીને પ્રચાર-જાહેરાત કરવામાં મહત્ત્વનું યોગદાન આપ્યું હતું. ગામના અન્ય અગ્રણી મંગળભાઈ નારણભાઈ પટેલ પણ નાગરિક સહકારી મંડળીના પ્રમુખ તરીકે સેવા આપી ચૂક્યા છે. દેશભક્તિ અને સહકારની ભાવના ધરાવતા આ કન્યાસી ગામમાં હાલમાં એન.આર.આઈ.ની સંખ્યા પણ ખૂબ મોટી છે, જે ગામનું ગૌરવ વધારે છે.

## ગ્રામ પંચાયતના હોદ્દેદારો

- **સરપંચ :** કોમલબેન રાજુભાઈ મૈસુરિયા
- **ઉપસરપંચ :** અતુલભાઈ રમણભાઈ પટેલ
- **સભ્યો-**મનહરભાઈ ભીખાભાઈ પટેલ
- કીર્તિબેન કાન્તિભાઈ પરમાર
- ભરતભાઈ ગોમાનભાઈ ગોહિલ
- અર્જુનભાઈ છીતુભાઈ રાઠોડ
- અલ્કાબેન જીગ્નેશભાઈ પટેલ
- લતાબેન સતીશભાઈ રાઠોડ
- પદમાબેન અક્ષયભાઈ રાઠોડ
- **તલાટી :** પ્રજ્ઞેશભાઈ વલ્લભભાઈ જેઠાણી

## કન્યાસી ગામમાં હાલ સૌથી વધુ ઉંમરની વ્યક્તિ ઈશ્વરભાઈ નાથુભાઈ પટેલ



કન્યાસી ગામમાં હાલ સૌથી વધુ ઉંમર ધરાવતા વડીલ દંપતી ઈશ્વરભાઈ નાથુભાઈ પટેલ (૯૨ વર્ષ) અને તેમનાં પત્ની મંજુલાબેન પટેલ (૮૫ વર્ષ) ગામનું ગૌરવ છે. ઈશ્વરભાઈ ભૂતકાળમાં ગામના સરપંચ તેમજ વિવિધ સેવા અને દૂધ મંડળીઓના પ્રમુખ તરીકે વિકાસકાર્યોમાં અગ્રેસર રહ્યા છે, અને આજે પણ એટલા જ ઉત્સાહી છે. તેમના આ સેવાના વારસાને તેમના દીકરા નિરંજનભાઈ (નીતિન પટેલ) આગળ ધપાવી રહ્યા છે. તેઓ પણ ગામના પૂર્વ સરપંચ રહી ચૂક્યા છે અને હાલ પિયત, સેવા સહકારી તથા દૂધમંડળીમાં પ્રમુખ તરીકે કાર્યરત છે. પિતાની જેમ જ તેઓ પણ ખેડૂતો અને ગામના પ્રશ્નો ઉકેલવા હંમેશાં તત્પર રહે છે.